1

ફાઇલ ૯૦૧

નગર નંદનવન યોજના માટે સને ૨૦૦૬-૨૦૦૭ ની રૂ.૧૫.૦૦ કરોડની પૂરે પુરી જોગવાઇ ગુજરાત અર્બન રીન્યુઅલ મીશનના હવાલે મૂકવા બાબત.

## ગુજરાત સરકાર

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ પવન-૧૦૨૦૦૬-૯૭૪-ધ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૯-૧ -૨૦૦૭

વંચાણે લીધાઃ-

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, નો તા. ૨૩-૮-૨૦૦૬ ઠરાવ ક્રમાંકઃઠરાવ ક્રમાંકઃ પવન-૧૦૨૦૦૬-૯૭૪-ધ

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૪/૬૪૪/બ. તા.૧૯/૫/૨૦૦૪ તથા યાદી ક્રમાંકઃબજટ-૧૦૨૦૦૪-૮૦(૨)-બ તા. ૧૯/૫/૨૦૦૪

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃઅપબ/૧૦૦૬/૮૯૭/બ. તા.૨/૧/૨૦૦૬

ઠરાવઃ-

રાજ્યના શહેરી વિસ્તારોમાં લીલોતરી ઉભી કરવા, નવા બાગ બગીચાઓની રચના અને તેની જાળવણી, રસ્તાઓની બન્ને બાજુ અને વચ્ચે વૃક્ષોનુ વાવેતર અને જાળવણી કરવા. હરિયાળા ટ્રાફીક આઇલેન્ડનુ નિર્માણ કરવા અને તળાવોનો વિકાસ કરવા નગરપાલિકાઓને પ્રોત્સાહીત કરવા માટે રાજ્ય સરકારે વંચાણે લીધામાં અનુ (૧) આગળના ઠરાવથી નગર નંદનવન યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં રૂ.૧૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને આ રકમ સદરહુ યોજનાની નોડલ એજન્સી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરના હવાલે મૂકવાની બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

૨. સને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષ માટે માટેની યોજના નગર નંદનવન યોજના માટેના સદરે રૂ.૧૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રકમ બજેટ શાખાના વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના પરિપત્ર થી રૂ. ૧૫,૦૦,૦૦,૦૦૦/- ખર્ચ માટે છુટા કરેલ છે. આથી પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૫,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા પંદર કરોડ પૂરા) ની ગ્રાન્ટ આ યોજનાની નોડલ એજન્સી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરના હસ્તક મૂકવામાં આવે છે.

૩. આ અંગે વિભાગના સંદર્ભ (૨) ના ઠરાવ થી નકકી થયા મુજબ વિભાગના કેશ સેકશન દ્વારા બોમ્બે ટ્રેઝરી રૂલ્સ પ્રમાણે બીલ બનાવી તેમની સહીથી આ ઠરાવના નંબર અને તારીખ ટાંકી સંયુકત સચિવશ્રી (પ્રો) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ના પ્રતિ હસ્તાક્ષર મેળવી તિજોરીમાંથી અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરના ના નામનો ચેક મેળવી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન ગાંધીનગરને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે. આ કામગીરીમાં વિભાગની રોકડ શાખા ને બીલ મંજુર થઇ ચેક મળે ત્યાં સુધી ટ્રેઝરી સાથે પરામર્શમાં મદદરૂપ થવા માટે અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરે પણ સાથે કાર્યવાહી કરવાની રહેશે.

૪. સદરહુ રકમ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગરે નાણા વિભાગની સૂચનાઓ મુજબ તેના એકાઉન્ટ માં જમા થઇ જાય પછી અગ્રતાના ધોરણે પ્રોજેકટ અમલમાં મૂકનાર સબંધિત વન વિભાગ /નગરપાલિકાના બેન્ક એકાન્ટ નંબરની વિગતો સાથે એકાઉન્ટ પેઇ ચેકથી ચૂકવણુ કરવાનું રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે અને નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં. ૧૦૨

મુખ્ય સદરઃ૨૨૧૭ શહેરી વિકાસ

પેટા મુખ્ય સદરઃ ૦૩ નાના અને મધ્યમ કક્ષાના નગરોનો સંકલિત વિકાસ

ગૌણ સદર ૧૯૧. સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેર વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વગેરેને સહાય

પેટા સદરઃ ૩૬ UDP-55 સ્વચ્છતા અને હરિયાળી પરિયોજના માટે નગરપાલિકાઓને સહાયક અનુદાન ( આયોજન)

ચાર્જેબલ હેડ ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૩૪૯ કોમ્પ્યુટર કોડ ૧૯૭૩૯૫

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઉપસચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ:-

- ઉપસચિવશ્રી (રોકડ-શાખા-૩ નકલમાં) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર એ બીલ બનાવી ચેક મેળવી અર્બન ડેવલપમેન્ટ મીશન ને આપવાની કામગીરી કરવાની રહેશે.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- અગ્ર વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણાકિય સલાહકારશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ. અને અમદાવાદ
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (બજેટ શાખા) શ.વિ અને શ.ગૃ. નિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ

અંગત ફાઇલ.